સાલ : ૧૫ / સિલસિલાવાર નંબર : ૧૪૧ / શુમારો : ૩ — ફુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مِشْكٰوةُ الْهَادِي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — જુમાદિલ ઉલા - જુમાદિલ ઉખરા ૧૪૩૯ / ફેબ્રુઆરી - માર્ચ ૨૦૧૮

## ઈઝન

**"ઈઝન"** વાસ્તે કુરઆને હકીમમાં ઘણી સૂરતોમાં મુખ્તલિફ આયતો આવેલી છે, જેમાં તેના અલગ-અલગ મફહૂમ બયાન કરવામાં આવા છે. ઈઝન, તે ફક્ત એક લફઝ નથી મગર પૂરી એક કિતાબ છે. ઈઝનની માઅના કોઈ આમ ફહેમ શખ્સને વાસ્તે દાઅવત આપવી, બોલાવવા, ઈજાઝત, ખુશી, હુકમ, રઝા, ફઝલ, રહેમત વગૈરહ થાય છે. સમાજી ઊસૂલ અને અખ્લાકનો તકાઝો એ છે કે, ઈઝન દેનારના ઈઝનને કુબૂલ કરીને તેની ખુશી અને અવસરમાં શરીક થઈને તેનો હોંસલો વધારવો જોઈએ અને તેના વાસ્તે ભલી દોઆઓ કરવી જોઈએ. ઈઝન દેનાર ઘણી વાર ઈઝન દે અને તે તેના ખુસૂસી ખૂબ ચુનંદા સાહેબો સાથે ઈઝન મોકલે તો જેના તરફ ઈઝન આવું તેના પર ઝરૂરી બની જાય છે કે, તે ઈઝનનો જવાબ આપે યા ઈઝન દેનારનો રૂબરૂ શુક્રીયહ અદા કરે.

કોઈના તરફથી ઈઝન આવે મગર કોઈ સબબ સર ના જવાય યા તે મૌકા પર શરીક ના થવાય અને જે વક્ત ઈઝન દેનાર સામે રૂબરૂ મિલે તો બેવેના દિલમાં અફસોસો તો થાય જ છે. એકને લાગે છે કે, મેં આ ભાઈને દિલથી ઈઝન દીધેલું મગર તે ના આવા અને બીજાને લાગે છે કે, કેટલા શૌકથી આ ભાઈએ મને ઈઝન આપું હતું મગર મારાથી ના જવાયું. તો બેવે મિલીને માઅઝેરત કરશે, ગલતફહેમી મિટાવવાની કોશિશ કરશે, દિલોના મોહબ્બતના તાર દોબારહ જોડવાની ખ્વાહિશ જતાવશે. એવું પણ બને છે કે, ઈઝનને ઠુકરાવનાર શખ્સ, ઈઝન દેનાર જે વક્ત સામે આવે તો રસ્તો બદલી દે, મૂઁહ ચુરાવીને પલટી જાય યા તેને ઈઝન મિલું જ નથી એમ ઈઝહાર કરે. શાદીઓના મૌકાઓ પર આ તરહની ચીઝ બનતી જ હોય છે. નૈક દિલ તે છે કે જે, ઈઝનની એહમીયતને સમઝે અને ઈઝન દેનારની નિય્યત અને મોહબ્બતને પરખે.

આ તો થઈ ઈન્સાની તઅલ્લુકાત યા રિશ્તેદારી યા સમાજી ઝિમ્મેદારીની વાત. દુનિયાદારીના રિશ્તા અને જિસ્માની નાતાને સાચવવા અને નિભાવવા વાસ્તે હમેં કોઈના ઈઝનને કેટલી મોટી એહમીયત આપીએ છીએ અને કેવી-કેવી કુરબાનીઓ આપીએ છીએ, તો પછી રૂહાની ઈઝન તો આના કરતા કેટલું ભારી અને ઊંચું છે. રૂહાની ઈઝન અને રૂહાની દાઅવત જો અગર રબ્બુલ ઈઝઝત તરફથી હોય, તેની શુરૂઆત આસ્માનથી થઈ હોય, તે ઈઝનનો જલ્વો અને ઝલક ખુદાની હર મખ્લૂકમાં અયાઁ-બયાઁ હોય, તે દાઅવતે ઈન્સાનની ઝિંદગીના હર પહેલૂને ઘેરી લીધી હોય, તો કોઈ પણ અક્લમંદ શખ્સ આ ઈઝને રબ્બાનીને આસાનીથી કેમ ફરામોશ કરી શકે? **ખુદાતઆલાએ આ ઈઝને ખાસ, દાઅવતે હક્ક, તૌહીદનો બુલાવો અને નજાતની પુકાર કરવા આ ઝમીન પર ઈન્સાનોને દરમિયાન ૬ અઝીમ નબીઓને મોકલા.** અલગ-અલગ જગાઓમાં, અલગ-અલગ કૌમોમાં, અલગ-અલગ ઝમાનાઓમાં આ ઈઝન દેનાર નબીઓ પધારા. જેમ ઈઝન વાસ્તે દાઅવતનામું અને કાર્ડ હોય છે તેમ આ નબીઓ નામૂસે ઈલાહી, કિતાબે સુબ્હાની અને ફરમાને રબ્બાની લઈને આવા.

હમારા ઝમાનના ઈઝન દેનાર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) અને આપની આલે મુબારક છે. આજે પણ આ આલે મોહંમદ (સ.અ.) ના ઈમામુઝઝમાન ખલીફતુર્રહેમાન, ઝુલ જૂદે વલ અહેસાનના નાઈબ ૪૫ માં દાઈએ અન્વર સૈ. વ મૌ. અબુ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) હમ મુમેનીનને રહેમત, મગફેરત અને નજાતની દાઅવત કરી રહ્યા છે. હમારા પર વાજિબ છે કે, હમેં હર હાલમાં, હર વક્તમાં, આપના ઈઝનનો જવાબ આપીએ. હુકમ સહેલો હોય કે સખ્ત હોય, હમેં આપના ઈઝનને અને આપના ફરમાનને ઈમામ, વસી, નબી અને ખુદાનું ફરમાન માનીને આપની દાઅવતના હર લફઝને સર-આઁખોં પર ચઢાવીને કુબૂલ કરીએ. **આ દાઅવત ખુદાતઆલા તરફ જાવાની સીડી છે, રસ્તો છે, રસ્સી છે.**
(બકીયાહ પેજ નં. ૨ પર)

## હરએક શખ્સ દરખ્ત સાથે જોડાયેલો છે.

(પેજ નં. ૧ નું બાકી)

હમારા દાઈ હમને જે ઈઝન આપી રહ્યા છે તે ખુદાની ખુશીનું ઈઝન છે. ખુદાના દીન પર ચાલવાનો વાઅદો છે. દાઈના ઈઝનને જે કોઈએ કુબૂલ કીધું તેએ દાઈ સાથે વફાદારી કીધી. દાઈની વફાદારી જ તેની ખુદાની મુલાકાતની ઉમ્મીદને ઝિંદા રાખે છે. ઈઝનને કુબૂલ કરનાર શખ્સ બે જણાને ખુશ કરે છે. એક, કે જે ઈઝન લઈને આવે છે અને તેને ઈઝઝત બખ્શે છે અને બીજા કે જે ઈઝન મોકલે છે અને ઈઝન લઈને આવનારને ઈઝન મોકલનાર તરફ શુક્રીયાના કલેમાત પહોંચાવવાનું કહે છે. લેહાઝા હમારા પર હર હાલમાં દાઈની મોહબ્બત ફરઝ છે, કેમકે હમેં હમારા દાઈના વાસ્તાથી હમારી હર ઈબાદતના ઝરીએ હમારા ખુદાનો શુક્ર બજા લાવીએ છીએ. આ ઝમીનની પીઠ પર કોઈ શખ્સ દિન-રાત ખુદાતઆલાએ બખ્શેલી સેંકડો નેઅમતોથી ફાયદો લે અને ખુદાના દાઈની દાઅવતની માઅરેફત જ ન રાખે તો તે ઈન્સાન તો નથી જ, પણ ઈન્સાનની શિક્લમાં લાઅનતી શયતાન છે. **જેમ મુમિન અને હક્ક સાથે સાથે છે, તેમ શયતાન અને કુફ્ર સાથે સાથે છે.**

કુરઆની આયતોમાં ખુદાતઆલાના ઈઝન અને હુકમ વાસ્તે આ તરહ બયાનો આવેલા છે :

૧) ખુદાતઆલા સબર કરનારને સાથે છે. નાની કૌમ સબર પર હોય છે અને મોટી કૌમ જૂઠ અને બાતિલ પર હોય છે. એમ બને છે કે, ખુદાના હુકમથી નાની કૌમ, મોટી કૌમ પર ગાલિબ આવી જાય છે, સબરના સબબ આ નાની કૌમ તે છે કે, જે ખુદાતઆલાની મુલાકાતનો શૌક રાખે છે - સૂરતુલ બકરહ.

૨) કોઈપણ શખ્સ ખુદાના હુકમ બગૈર આ દુનિયાથી ઈન્તેકાલ કરતો નથી. **તેની મૌત ખુદાના ઈઝનથી થાય છે.** તે મુકર્રર છે, તેનો વક્ત લખેલો છે. જે કોઈ શખ્સ ખુદાથી દુનિયાના સવાબને ચાહે તો હમેં તેને અતા કરીએ છીએ. યા જે કોઈ ખુદાથી આખેરતનો સવાબ ચાહે તો પણ હમેં તેને આપીશું. મગર આ તે વક્તે થાશે કે, ખુદાના ઈઝન પર તે શુક્ર કરનાર હશે અને હમેં તો શુક્ર કરનારને બહેતરમાં બહેતર જઝા આપીએ છીએ - સૂરતે આલે ઈમરાન.

૩) આ દુનિયામાં હમેં કોઈપણ રસૂલને હિદાયત અને નસીહત વાસ્તે મોકલીએ છીએ તો તે એ સબબથી કે ખુદાના હુકમથી તેની હર વાતને કુબૂલ કરવામાં આવે, તે નબીની ખુશી-ગમીમાં ઈતાઅત કરવામાં આવે. નબી પોતાની નુબૂવત લઈને આવે અને તેના બાવુજૂદ લોગો તેને ના માને, ગુનાહોં પર સવાર થાય અને ખુદ પર ઝુલ્મ કરે, યહાઁ તક કે તેઓને ભૂલનો અહેસાસ થાય. શરમિંદગી સાથે હવે તેઓ, અય નબી, આપના નઝદીક આવે અને ખુદાનો ખૌફ રાખીને પોતાના ગુનાહોંની માફી ચાહે, ઈસ્તિગફાર કરે તો આપ પણ તેઓ પર કરમ ફરમાવીને ખુદાની બારગાહમાં તેઓ વાસ્તે મગફેરતની દોઆ કરો, તૌબાની અરઝ કરો, **કેમકે ખુદાતઆલા તૌબાને કુબૂલ કરનાર છે** અને તૌબા કરનાર પર રહેમતનો કરનાર છે - સૂરતુન્નિસા.

૪) ખુદાના ઈઝન અને કઝાની તાકત એ મુજબ છે કે, તે હવાઓને ચલાવે છે અને આ હવાઓ ખુદાની રહેમત અને વરસાદ આવતા પહેલા ખુશખબરી લાવે છે. ઈઝનનો જોશ એવો છે કે, આ હવાઓ તેના સાથે ભારી પાનીથી ભરપૂર વાદલોને પોતાની સાથે ઉઠાવે છે. પછી હમેં તે વાદલોને મુર્દા શહેર તરફ ચલાવીએ છીએ, તે બાદ તેમાંથી પાનીને ઉતારીએ છીએ અને તેના સબબ કિસ્મ-કિસ્મના ફલોને પૈદા કરીએ છીએ. આ જ મિસ્લ હમેં મુર્દાઓને ઝિંદા કરીએ છીએ જેથી તમેં તેમાં ગૌર-ફિકર કરો. શુક્રગુઝાર કૌમ વાસ્તે આ તરહની મિસાલો ખુલ્લમખુલ્લા બયાન કરવામાં આવી છે કે, જેમાં એ પણ છે કે **ખુદાના ઈઝનથી પાકીઝા-ફાયદામંદ સબઝી-અનાજ ઝમીનમાં નિકલે છે જે પાકીઝા શહેર મુજબ છે.** આ જ તરહ નાપાક સબઝી પણ નિકલે છે જે નાપાક શહેર મુજબ છે - સૂરતુલ આઅરાફ.

૫) અય રસૂલ! આપના પહેલે પણ હમેં ઘણા રસૂલોને મોકલી ચુકા અને તેઓ ફક્ત હમારી રિસાલત અને દીનને કાઈમ કરવા નથી આવા. મગર તમારા જેમ જ હમેં તેમને બૈરાઓ અને બચ્ચાઓ અતા કીધા. કોઈપણ રસૂલને એ હક્ક નથી કે, ખુદાતઆલાના ઈઝનો હુકમ બગૈર કોઈ એક આયત પણ લઈ આવે. આ વાત હક્ક છે કે, હર એક મુદત અને ફેસલા વાસ્તે લખાણ છે. હર એક ચીઝ એના વક્ત પર થાશે, તે મુકર્રરશુદા છે. ખુદા ચાહે તેને મિટાવી દે અને તે ચાહે તેને સાબિત રાખે, કેમકે તેના પાસે કિતાબનું અસલ છે. કિતાબની બુનિયાદ જ તેના હુકમ પર છે - સૂરતર્રઅદ.

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

**દુનિયામાં કોઈ એવું નથી જેને દરખ્તનો સાયો પસંદ ન હોય.**

# ખામોશી

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નઝદીક એક શખ્સ આવો અને શરીઅત બાબત ચંદ સવાલાત કીધા. આપે કાફી-શાફી જવાબો આપા જેથી તે મસ્રૂરો મુત્મઈન થઈ ગયો. નબી સાહેબે પૂછ્યું કે, અય ભાઈ! શું હું તુંને એવો અમલ કરવાની હિદાયત ના આપું કે, જેને તું કુબૂલ કરી દે તો યકીનન ખુદાતઆલા તુંને જન્નતમાં દાખિલ કરી દે! તે શખ્સ બોલો કે, આપના ઉપર હું માલો જાનથી કુરબાન થઈ જાઉં, કેમ નહીં આપ ફરમાવો. આપના કલામથી જો હું કોઈ નૈકી પર સવાર થઈ જાઉં તો આ મારો સફર કામિયાબ થઈ જાશે. નબી સાહેબ ફરમાવું કે, ખુદાતઅઅલા એના કરમથી તુંને જે કઈ બખ્શે તેનાથી તારા પુરતો ફાયદો લઈને તું તેને બીજાને બખ્શી દે." તે શખ્સ બોલો કે, હું જો આ ના કરી શકું તો શું? આપે ફરમાવું કે, "તારી હયસીયત મુજબ તું કોઈ મઝલૂમ-મજબૂરને મદદ કર." તેએ કહ્યું કે, આમ કરવું પણ મારાથી ના બને તો હું શું કરૂં? આપે ફરમાવું કે, **" તું ખામોશ રહે. તારી ઝબાનને કામ બગૈર ના ચલાવ. "** પૂછ્યું કે, ખામોશ રહેવા વાસ્તે હું શું કરૂં? આપે હિદાયત આપી કે, "તું તારા ચોપાયાને દૂર-દૂર તક ચરાવવા લઈ જા."

બીજા એક કલામમાં નબી સાહેબ ફરમાવે છે કે, "કેયામતના દિન ગુનાહગાર લોગો કે, જેના તૌશામાં અમલે સાલેહ અને ખૈરનો કોઈ સામાન નહીં હોય તેઓ નાકના બલ જહન્નમની આગમાં પડેલા હશે, મગર તેઓ નહીં કે જેઓ પોતાની ઝબાનના હલને એ તરહ ચલાવતા હતા કે, તેનાથી પૈદા થાનર ફાયદાકુન અલ્ફાઝ અને કલામની ફસલ બીજાને કામ લાગી શકે. આ તરહના ખુશકલામ લોગો પોતાની દુનિયા-આખેરતમાં સલામતી ચાહે છે. લેહાઝા, તેઓ શરીઅત, દીન, અકીદા, આઅમાલ, ઈમાન યા યકીન વાસ્તે કોઈ પણ લફઝ બોલતા પહેલા સો વાર વિચાર કરે છે. પોતે ખામોશ રહે છે. મગર જે જગા બોલવું ખામોશી કરતા ઝિયાદહ ફાયદામંદ હોય, તે જગા એટલું જ બોલે છે કે, જેથી તેઓની દુનિયા-આખેરત ન બિગડે.

અકબહ બિન આમિર બયાન કરે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની મજલિસમાં હું જે વક્ત હાઝિર થયો અને લોગો આપની હઝરતે નબવીયહમાં અરઝ કરતા હતા, તે વક્ત મેં પણ અરઝ કીધી કે, ખુદા હમારો હશર આપની સાથે કરે અને આપના જ મુબારક હાથ પર હમારી શફાઅત થાય, યા નબીયલ્લાહ! કઈ ચીઝમાં હમને નજાત હાસિલ થાય? આપે ફરમાવું કે, "તમેં હમણા જે મુજબ કલામ કરો છો તેમ જ કરતા રહેજો. **તમેં તમારી ઝબાનના માલિક બનીને રહેજો.** ઝબાન તમારી મિલ્કીયત છે અને તેનું ખામોશ હોવું તમને રાહત બખશશે. **બીજી મિલ્કીયત તે તમારૂં ઘર છે.** તેને તંગ ના બનાવી દેજો. તમારા ઘરમાં ગૈરઝરૂરી ચીઝો તમેં લાવશો તો તે તંગ થઈ જાશે. ઘરની કુશાદગી તમને સેહત આપશે. ગૈર-ઝરૂરી ચીઝો ઝરૂરી ચીઝોના ફાયદાને મિટાવી દેશે. **તમારી તીસરી મિલ્કીયત તમારી આઁખો છે.** તે આઁખોમાં જે આંસૂ છે તે તમારી આઁખોની ઝિંદગી છે. તમારી ખતા અને ભૂલ પર ખૂબ રોજો. ખુદા તે આંસૂઓના ઝરીએ તમારી તૌબાને કુબૂલ કરશે. આ ત્રણ ચીઝો તમારી નજાતનો સબબ બની શકે છે." મેં કહ્યું કે, યા નબીયલ્લાહ! આ ત્રણ ચીઝોમાં હુસૂલે નજાત વાસ્તે શું બહેતર છે? આપે ફરમાવું કે, **" તું ખામોશ રહેજે, તો તારૂં કામ થઈ જાશે. "**

એક શખ્સ મૌલાના અલી અમીરૂમ મુમેનીન (અ.સ.) ને નઝદીક આવો અને કહ્યું કે, અય મૌલા! આપ મને વસીયત ફરમાવીએ. આપે જવાબમાં કહ્યું કે, "તારી ઝબાન ઊંચામાં ઊંચો ખઝાનો છે. ખૈર બોલવા સિવાય તું તેની હમેશા હિફાઝત કરજે. આ કરીશ તો ખુદાતઆલા તુંને ઈઝ્ઝતદાર કરશે. જો શયતાન તે ખઝાનાનો માલિક થાશે, તેના શરની ચાવી તેના હાથ લાગી જાશે તો તું સમઝી લેજે કે, તમારા વાસ્તે ઝિલ્લત જ ઝિલ્લત છે. **જે એક વાર ઝલીલ થયો તો હમેશા વાસ્તે ઈઝ્ઝત તેનું દામન છોડી દે છે."**

અય મુમેનીન! આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) આપના અકસર બયાનમાં ફરમાવે છે કે, ખામોશી યા કમ બોલવું હઝાર મરઝની એક દવા છે. એટલે જ તો ખુદાતઆલાએ તે ઝબાનને દાંતોમાં કૈદ રાખેલી છે. તેને હાડકું નથી. લેહાઝા લોગો વાસ્તે તેને ચલાવવું ખૂબ આસાન છે. અક્લ અને અદબની લુગામથી તેને કાબૂમાં લઈ શકાય છે. ખુદાતઆલાએ મુમેનીનને અક્લો અદબની બેમિસાલ દૌલત અતા ફરમાવેલી છે.

(બકીયાહ પેજ નં. ૭ ૫૨)

**દરખ્ત, ઝમીનને તાઝગી , નમી અને ખુબસૂરતી બખ્શે છે.**

# મિસ્વાકની તાઝગી, ઈતરની ખુશ્બૂ અને શાદીની ખુશી

કુરઆને કરીમની માઅના, મકસદ અને મફહૂમ જેમ લાસાની, લાફાની અને હક્ક પર મબ્ની છે, હર ઝમાનો મકાન વાસ્તે છે. તેમ કુરઆનના નાતિક રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કલામે નબવી અને હદીસે મુસ્તફવી પણ હર ઝમાનના લોગો વાસ્તે યકસાં છે, બરાબર છે અને પુરહિકમત છે. આપ નબી સાહેબ ફરમાવે છે કે, "કોઈની મુલાકાત કરતા પહેલા યા જુમ્આના દિન નમાઝ વાસ્તે મસ્જિદમાં જાતા યા ઘરથી બાહર નિકલતા ઈતર લગાવવું મારી સુન્નતથી છે. હર વક્ત દાંતને સાફ રાખવા યા રોઝ સવારે ઉઠીને અને સુતા પહેલા દાંતન કરવું યા જમી રહ્યા બાદ દાંતને દરમિયાન ખેલાલ કરવું મારી સુન્નત માંથી છે. કોઈ જવાન હોય, તાકત અને ઈસ્તેતાઅતવાલો હોય, હર તરહથી તે સહીહો સાલિમ હોય, ઈઝદેવાજી અને ઘરેલું ઝિમ્મેદારીને સમઝતો હોય તે શખ્સને કોઈ પરહેઝગાર, હયા-શરમ વાલા બૈરોને સાથે નિકાહ કરવા મારી સુન્નત માંથી છે. મેં મારી ઉમ્મતને આ ત્રણ સુન્નતો પર ચાલવાની તાકીદ કરૂં છું."

તાકીદ કરવામાં આવેલી આ સુન્નતોને સુન્નતે મુઅક્કદહ કહેવામાં આવે છે. આ તરહની સુન્નતો ઘણી છે પણ આ ત્રણ સુન્નતે મુઅક્કદહ પર ઝિયાદહ ભાર અને ઝોર આપવામાં આવું છે. અપની જમાઅતમાં શાદીની મૌસમમાં સૈયેદના સાહેબ આકા મૌલા (ત.ઉ.શ.) ની સદારતે કરીમહમાં નિકાહની મજલિસ મુન્અકિદ થાતી હોય છે. આપ મૌલા હાઝિરીનને મુખાતિબ થઈને **મુમેનીનને ઝહેની અને નફસાની તાકત અને તરક્કી બખ્શવા હિકમતના કલામ** નશર કરતા હોય છે. આપ મૌલા અહલુલ બૈત (અ.સ.) ના દીને પાકીઝા તરફ દાઅવત દેનાર દાઈ છો. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસે શરીફ કે જેને ૧૪ સદીઓ ગુઝરી ચુકેલી છે, તેના પાછલ શું શું હિકમત છે તે આપ મૌલા મુમેનીનને સમઝાવનાર છો. હાલાતે હાઝેરહ અને ઝમાનએ હાલને મદ્દે નઝર રાખીને આપ મુમેનીનને, શું ચીઝ ખૈર છે અને શું શર છે અને તેના ઉપર અપના અંબિયા કઈ તરહ અમલ કરી ગયા છે, તે આપ બતાવનાર છો.

આપ મૌલા આ તરહની મહેફિલે નિકાહમાં ફરમાવે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ત્રણ સુન્નતો છેઃ ૧) ઈતર લગાવવું ૨) દાતન કરવું અને ૩) નિકાહ કરવા. આ ત્રણ ચીઝોના ઘણા ઘણા ફાયદા છે. **અકલી, જિસ્માની, નફસાની, ઝાતી, સમાજી, અખ્લાકી અને ઈઝદેવાજી ફાયદાઓ છે.** કોઈ પણ આનો ઈનકાર નહીં કરી શકે. તમામ લોગો ઈતર લગાવે છે, અલગ-અલગ તૌર-તરીકાથી, અલગ-અલગ તરહના સાધનોથી અને અલગ-અલગ મૌકાઓ પર. આજે ઈશ્તેહારાત અને ઝાહેરાતોમાં દાતન વાસ્તે તરહ-તરહના નુસ્ખાઓ બતાવવામાં આવે છે. પેટની સેહત વાસ્તે દાતન કેટલું ઝરૂરી છે તે વાસ્તે રગબત અપાવવામાં આવે છે. દાતન કરવામાં હર કોઈ રાઝી છે. દાતન કરવાની જગા ઝબાન સાથે તઅલ્લુક રાખે છે. ઝબાન તે તરીકતુલ કુરઆન છે, યાઅની કુરઆન પઢાય તે રસ્તો, જે સાફ-ચોખો હોવો જોઈએ. **કલામે પાક પઢવાની જગા પણ પાક હોવી જોઈએ.** હર સમાજમાં શાદીની રસમો બનેલી છે અને પોત-પોતાના તરીકા-મઝહબ મુજબ લોગો શાદી કરીને બૈરોને પોતાના શરીક બનાવે છે. તેના બગૈર સમાજ અને ઈન્સાની તઅલ્લુકાત અધૂરા અને નાકિસ છે. યાઅની કે, આ ત્રણ ચીઝો ઈન્સાનને કોઈના કોઈ તરહનું સુકૂન બખ્શે છે.

જોવા જઈએ તો આ ત્રણે સુન્નતો સાથે ખુશ્બૂ જોડાયેલી છે. ઈતર લગાવવાથી જિસ્મ માંથી ખુશ્બૂ આવે છે કેમકે ઈતર લગાવા બાદ તે જિસ્મનો હિસ્સો બની જાય છે. દાતન કરવું મૂઁહ અને ઝબાનની ખૂશ્બૂ વાસ્તે ઝરૂરી છે. ખુશગુફ્તગૂ કોઈના સાથે કરવી હોય તો મૂઁહ સાફ જોઈએ. બદબૂદાર શખ્સ સાથે વાત કરવું કોઈને ગમે નહીં. મૂઁહની પાકીઝગી ઈન્સાનની સેહતનો એક અહમ હિસ્સો છે. પાક-દામન બૈરો કે જેના અખ્લાક માંથી મોહબ્બત અને પરહેઝગારી છલકે તો તે ઘરની ખુશ્બૂ છે, નિકાહ સાથે ખુશ્બૂ જોડાયેલી છે. રિશ્તેદારીની મિઠાશ અને ખુશ્બૂ નૈક બૈરો સાથે નિકાહ કરીને મિલે છે.

હિકમતની ઝબાનમાં વાત કરીએ તો બયાન એમ છે કે, **ઈતર તે હક્ક છે**, હક્કની ખૂશ્બૂ સાથે તમેં કોઈના સાથે મિલો. **દાતન કરવું તે સબર છે**, સબર સાથે તમેં તમારા વાઅદા પર અડગ રહો, અટલ રહો. **નિકાહ કરવા તે તકવા છે**, તકવા સાથે તમેં તમારા બૈરો સાથે ઈન્સાફ કરો. જો આ ત્રણે ચીઝો હક્ક, સબર અને તકવા એક સાથે મિલશે તો તેમાં કોઈ શક નથી કે, તમારી પૂરી ઝિંદગી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની પાક સુન્નતોંની બરકતથી ભરાઇ જાશે. ખુશ્બૂ અને પાકીઝગીથી તમારી ઝિંદગી મહેકવા લાગશે અને એક ગુલિસ્તાન જેમ તે ખિલી ઉઠશે. ✯

**દરખ્ત, કુદરતે ઈલાહીનો એક એવો લાજવાબ કમાલ છે કે જેમાં હર રંગ નુમાયા થાય છે.**

# રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો

કિસ્ત-૧૭

## ભલાઈ કરનાર અને બુરાઈ પર ચાલનારની ઝિક્ર

ખુદાતઆલાના કલામે હક્કની સૂરતુઝ ઝોમરમાં આ ઝિક્ર આવેલી છે કે, ચલાવવામાં આવશે તે લોગોને કે જેઓએ કુફ્ર કીધો ગિરોહ-દર-ગિરોહની શિક્લમાં તોલેતોલા જહન્નમની તરફ. યહાઁ તક કે, જે વક્ત તેઓ જહન્નમને નઝદીક આવશે તો તેના દરવાઝાઓ ખોલવામાં આવશે અને તેના દારોગાઓ-પહેરેગીરો તે ગુનાહગારોને સવાલ કરશે કે, કેમ તમારા માંથી તમારા તરફ ખુદાનો પૈગામ લઈને રસૂલ નહોતા આવા? તમારા દરમિયાન તમારા રબની આયતો નહોતા પઢા? આ દિન યોમે હશરની મુલાકાતથી તમને નહોતા ડરાવા? તે ગુનાહગારો જવાબ આપશે કે, હાઁ! આ વાત હક્ક છે. મગર હવે કોઈ છુટકારો નથી કેમકે, અઝાબે ઈલાહીનો ફેસલો અને કલેમો, કુફ્ર કરનારાઓ પર સાબિત થઈ ચુકો છે. કોઈની રૂદાદ કુબૂલ થાશે નહીં.

તેઓને કહેવામાં આવશે કે, જહન્નમના દરવાઝાઓમાં દાખિલ થાવ અને તેમાં હમેશા રહો. **ફખર ખાનાર, તકબ્બુરી કરનાર અને ઘમંડી લોગો**નું આ જ મુજબ ઘણું બદ ઠેકાણું હોય છે. અય ગુહાનગારો તમેં સમઝી લો કે, જહન્નમ-અઝાબના ઘર સાત છેઃ ૧) લઝા-કુર્રતુલ અસીર યાઅની આગનું મરકઝ. ૨) જહીમ યાઅની ગરમ હવા અને ઝમહરીરનો અઝાબ. ૩) સઈર યાઅની ગરમ પાનીનો અઝાબ. ૪) હાવીયહ યાઅની ઝમીન તરફથી આવનારો અઝાબ. ૫) જહન્નમ-તે હયવાનાતનો અઝાબ કે જે નાફરમાન શખ્સ વાસ્તે છે કે, જેમાં તે ઝહરીલા હયવાનની શિક્લો સૂરત ઈખ્તિયાર કરશે. ૬) સકર-તે દરખ્તોનો અઝાબ કે જે ઈન્સાનને અઝીયત અને મઝર્રત પહોંચાવે. ૭) સિજ્જીન-અઝાબે વબીલનો તે આખિરી દરવાઝો કે જે ગુનાહગારોને ઝમીનને નીચે મિલશે અને તે તમામ કરતા ઝિયાદહ શદીદ-તર હશે.

ખુદાતઆલાના ૯૯ નામો માંથી "યા અઝીઝો" એક ખૂબસૂરત અને મુબારક નામ છે. ઈઝઝતો જલાલનો માલિક અગર કોઈ હોય તો તે ખુદા વહદહૂ લાશરીક છે. કોઈ શખ્સ ઈમાન અને ભલાઈથી ખાલી હોય તો તે ખુદાની નઝરમાં ઝલીલ હોય છે અને જે ઈમાનના ઝૈવરથી મુઝય્યન હોય તે ઈન્દલ્લાહ ઘણો જ અઝીઝ હોય છે. **ખુદાતઆલા જેને ચાહે તેને ઈઝઝત બખ્શે અને જેને ચાહે તેને ઝિલ્લત બખ્શે.** ઈઝઝતની નવાઝિશ ખુદા તરફથી છે ઝિલ્લતનો દાગ બંદાના અમલે શરના લીધે છે. રહેમાન અને રહેમાનના લોગો જે રહેમતવાલા મુમેનીન છે તે ઈઝઝતદાર છે અને શયતાન અને શયતાની લોગો જે અઝાબવાલા ગુનાહગારો છે તે ઝલીલ છે. આ ઝિલ્લતની શુરૂઆત થઈ શયતાનના તે અમલથી કે જે તમામ ખરાબીઓની જડ અને માઁ છે, તે તકબ્બુરી છે.

મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની આપના શાહઝાદાઓ વાસ્તે વસીયતે ખાસ્સહ તે છે કે, "જે કોઈ લોગોના દરમિયાન પોતાના ઈલ્મ, તાકત, જિસ્મ, હુસ્ન, મકાનાત, વેપાર, ઔલાદ અને હુશિયારી પર શૈખી મારે, ફખર ખાઈ, ઘમંડથી છાતીને ફુલાવે, ખુદને મોટો ગિને અને તકબ્બુરીથી અકડીને સુલૂક કરે, **તે ઝરૂરથી ઝલીલો ખ્વાર અને બેઈઝઝત થાશે.**"

શયતાને પોતાની ઝાત પર ફખર ખાધો. પોતે આગથી પૈદા થયેલો છે અને પોતે કેટલો બલંદ છે તે વાસ્તે તકબ્બુરી કીધી. હક્કના નબી મૌ. આદમ સફીયુલ્લાહ સામે ઈતાઅતો ફરમાઁબરદારીનું સર ન ઝુકાવું. તકબ્બુરીના સબબ ખુદને બીજા કરતા ઊંચો ગિનવા લાગો. તકબ્બુરીની કાલી પટ્ટી તેની આઁખો પર એવી લાગી ગઈ કે, તે મૌ. આદમમાં ખુદાના ઈલ્મના નૂરને ન જોઈ શકો. ઘમંડના સબબ દિલમાં અંધાપો આવો અને જે દિલમાં અંધાપો હોય તેના સર પર ખુદાતઆલા રહેમતનો સાયો કરે? હરગિઝ નહીં. રહેમતનો સાયો નહી પણ ખુદા તરફથી લાઅનતની આગનો વરસાદ વરસો. **તકબ્બુરી કરનાર શયતાની લોગો પર આજે પણ આતિશો અઝાબનો વરસાદ વરસી રહ્યો છે.** હર ઝમાનમાં આમ થાયા કરે છે અને થાયા કરશે.

જે શખ્સ ઈમાનની હકીકતોંથી વાકિફ હશે તે જ આ ખતરનાક અને નુકસાનદેહ બદીથી આઝાદ રહી શકશે. ખુદ ઘણો જ માઅમૂલી, કમ્ઝોર અને ઝઈફ છે, તે સમઝીને ઈબાદત કરનાર શખ્સ ઘણો જ ખુશકિસ્મત કહેવાય, કેમકે આ તસવ્વુર અને ખયાલ જ તકબ્બુરીને જડથી ફેંકી દે છે. તે તકબ્બુરી શું કામ કરે? તેને ખબર છે કે, તે પહેલા કઈ જ ન હતો. તે જે કઈ હાલમાં છે તે ફકત ખુદના સબબ નથી. તે ગુઝરશે તો પણ અમલે ખૈર સિવાય કઈ જ તેના પાસે બાકી નહીં રહે. આ અમલે ખૈર અને ભલાઈ જ મોટામાં મોટો આખેરતનો ખઝાનો છે અને તકબ્બુરી આખેરતમાં શરમિંદગી છે. ✯

**અહલુલ બૈત (અ.સ.) ના નૂરના દરખ્ત સાથે મુખ્લિસ મુમિન હર પલ વાબિસ્તા રહે છે.**

## અખ્બારે હાતેમીયહ

### આલમી સતેહ પર અપની જમાઅતની ઝિક્રે ખૈર - અપની ઝબાન

દાઅવતે શરીફહ હાદીયહ અલવીયહના સબબ આજે પૂરા આલમમાં જમાઅતના મુમેનીનની શાન બલંદ છે. જિમ એક દરીયો અઝીમુશશાન દેખાય છે અને તેનો કોઈ છેડો નઝર આવતો નથી, તિમ દાઅવતે અલવીયહ એક નૂરાની દરીયો છે અને મુમેનીન તેના પાનીના હિસ્સા છે. દાઅવતની શાનો અઝમતના સબબ મુમેનીનની ઈઝઝત બરકરાર છે. આ શાનને અતા કરનાર બીજું કોઈ નથી પણ ખુદાતઆલા છે. તે ખુદાની તરફ આ હક્કની-સિદકો સફાની દાઅવત છે. ઈલ્મો ઈઝઝતનો માલિક ખુદા પોતે જ છે. લેહાઝા, તેએ પોતાની દાઅવતને ઈલ્મો ઈઝઝતથી ભરી દીધીચ. આ બે ચીઝો સિવાય દાઅવતનો તસવ્વુર મુમ્કિન નથી. મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી આજ તક જે જે સાહેબો દાઅવતે શરીફહને કાઈમ કરવા, ચલાવવા અને ફેલાવવા આવા અંબિયા, ઔસિયા, અઈમ્મત અને દોઆત, તમામ ઈલ્મો ઈઝઝતના તખ્તે લાફાની પર જલ્વાઅફરોઝ થયા. જેઓથી આ ઈલ્મો ઈઝઝતની રોશની અને બલંદીને જોવાતી નથી તેઓ દુનિયા-આખેરતમાં જેહાલતની મૌત મરીને જહન્નમીઓ સાથે ઝલીલો રૂસ્વા થયાચ.

સૈયેદના સાહેબ ૪૫ માં સિરાજુમ્મુનીર અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) એ જે વક્તથી ઈલ્મો હિકમતના દરવાઝાઓ મુમેનીન વાસ્તે ખોલેલાચ અને જેનાથી આપના બયાનો લબરૈઝ છે, તે વક્તથી આલમમાં અને બીજા ઈસ્લામી અને ગૈર-ઈસ્લામી મઝહબો દરમિયાન અપની જમાઅતની અલાહેદા પહેચાન કાઈમ થઈચ અને અપના ફાતેમી ઈલ્મના મેઅયારના સબબ તૈયેબી-અલવી ઈઝઝતો જલાલ ઝાહિર થયોચ. આનો પરચો અને મુશાહેદો હાલમાં બે મૌકાઓના સબબ થયોચ. ૪-૫ રબીઉલ અવ્વલ/૨૨-૨૩ નવેમ્બર ૨૦૧૭ અને ૯-૧૦ રબીઉલ આખર/૨૭-૨૮ ડિસેમ્બર ૨૦૧૭, આ બે યાદગાર તારીખો પર સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ના ફરમાને મુનીરથી મુકાસિરૂદ્દાઅવત સૈ. મોહંમદ નૂરૂદ્દીન ભાઈસાહેબ (દા.મ.), રાસૂલ હુદૂદ ડૉ. ઝુલકરનૈન હકીમુદ્દીન ભાઈસાહેબ (દા.મ.) અને શાહઝાદા ભાઈસાહેબ સઈદુલ ખૈર સાહેબ (દા.મ.) એ ઈલ્મી સફર ઈખ્તિયાર કીધો. **આપના સાથે આપના ઈલ્મો અમલનો તૌશો હતો, અલવીયતનો લિબાસ હતો અને હક્કાનીયતની ઝબાન હતી.** એક સફર તહેરાન, ઈરાન તરફ હતો અને બીજો નવી દિલ્લી તરફ હતો.

અપના મુલ્ક અને પૂરા આલમમાં હાલમાં અહલે ઈસ્લામ પર ખતરા ઘણા છે. ખાસ કરીને શીઈયતમાં, હુસૈનીયતમાં, પંજતનીયતમાં અને અલવીયતમાં માનનાર લોગો વાસ્તે તો ડગલે ને પગલે હર મહાઝ પર ઈમ્તેહાન છે, માલી કશીદગી છે, દીનો ઈમાનને બિગાડવા વાસ્તે દુશ્મનો ફેલાયેલાચ. તહેરાન અને નવી દિલ્લીમાં આ જ મોઅઝૂ-ટોપીક પર બહેસ કરવા અને તેના વાસ્તે કોશિશ તદબીર કરીને એક રાય કાઈમ કરવા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ રાખવામાં આવી હતી. જે લોગો જેહાદના નામે અહલુલ બૈત (અ.સ.) ની મોહબ્બતને મુકીને અને હક્કના ઈમામોની હિદાયતોને નઝરઅંદાઝ કરીને દુનિયાવાલાઓ સામે દીને ઈસ્લામને બદનામ કરી રહ્યાચ, દહેશતગરદી કરીને માઅસૂમ લોગોને કત્લ કરીને દીને હક્ક પર બટ્ટો લગાવી રહ્યાચ અને **ખોટી તફસીરો માઅના પૈશ કરીને દીન-કુરઆનની ગલત તસ્વીર ઊભી કરી રહ્યાચ**, તેનો મુકાબેલો કરવા ઈરાની હુકૂમત અને શીઈ મઝહબી રઈસો તરફથી ઝોરદાર મોહિમની ઈબ્તેદા કરવામાં આવી રહીચ.

નવી દિલ્લીની કોન્ફરન્સનું મરકઝ એ હતું કે, હમના જે મુજબ મુસલમાનોને નિશાનો બનાવીને સિયાસી હિલચાલ અને મઝહબી દખલગીરી ચાલી રહીચ, તે વાસ્તે મુખ્તલિફ મઝહબો આ અપના એક મુલ્કમાં એક મુત્તફિક સમાજ બનીને, એકબીજાની હસ્તીને સાચવીને, એકબીજાને ઈન્સાનીયતના મોહબ્બત અને હમદર્દીના તાર સાથે જોડીને, એકબીજાની ઈઝઝતો અને બંદિશને કુબૂલ રાખીને હર કોઈ તરક્કી સાથે, ઈત્મિનાન સાથે, બીજાથી હક્ક હાસિલ કરીને અને ખુદ પોતાના હક્કને અદા કરીને, કેમ સાથે ઝિંદગી ગુઝારી સકે તે વાસ્તે એક ઉમ્દા રાઈ ઊભી કરવાની કોશિશ હતી.

આ બેવે યાદગાર કોન્ફરન્સમાં સાહેબે દાઅવતની શિરકત નુમાયા અને ખુસૂસી ઈઝનને માતહત હતી. અપનો નાદિર લિબાસ, શીરીન ઝબાન, બેમિસાલ પાઘડી, પુરહકીકત તારીખ, ફાતેમી શજરો, મુઅદ્દેબાના અંદાઝ, શાઈસ્તા વહેવાર, (બકીયાહ પેજ નં. ૮૫૨)

**શજરતે તૂબા જન્નતની આઅલામાં આઅલા નેઅમત છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**❋ ઉભી તરકીબ :**

૧) મૌ. ઈમામ હુસૈન (અ.સ.) કરબલાએ મુઅલ્લાના રૂહાની સુલતાન અને નૂરાની હુકમરાન છે. સુલતાનને ______ કહે છે. (૨)

૨) આસમાન અને ______ માં જે કઈ છે તે તમામ ખુદાતઆલાની બારગાહમાં સદજો કરે છે. (૩)

૩) ચૈન, ઈત્મિનાન, સુકૂન. (૩)

૭) દબદબો, જલાલ, હશમત. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**❋ આડી તરકીબ :**

૨) દુખ્તરે રસૂલ, અઝરાઓ બતૂલ, મૌ. ફાતેમા (અ.સ.) નો ખુસૂસી લકબ. (૩)

૪) મદદગાર, યાવર, મુઆવિન. (૨)

૫) શરમની ______ તો એ છે કે, નમાઝના વક્ત પર શાદીના વહેવાન થાલ પર બેસીને જમે છે. (૨)

૬) હર બલાથી ઈન્સાન છુટકારો ચાહે છે, તો શું આખેરતમાં તે જહન્નમથી ______ ની ઉમ્મીદ નહીં રાખે. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ખા | | |
| | ન | સ | લ | |
| લા | જ | ╳ | હ | ફ્ઝ |
| | સ | ભૂ | દ | |
| | | તા | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર જુ.ઉખરા મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✪

---

(પેજ નં. ૩ નું બાકી)

ચંદ સાલો પહેલાની લોગોની આદત એમ હતી કે, બે-ચાર જણા કોઈ મૌકા પર યા ઘરમાં યા રસ્તા પર ભેગા થાય તો ઝબાનને ગીબત કરવામાં, જૂઠ બોલવામાં, ચુગલી કરવામાં, મઝાક-મસખરીમાં, ઈલઝામો બોહતાન લગાડવામાં, બેમાઅના ગુફ્તગૂ કરવામાં છૂટથી ઈસ્તેમાલ કરતા હતા. તે બાદ રૂબરૂ મુલાકાતોની જગા વાયરવાલા ફોને લઈ લીધી. જે ચીઝો રૂબરૂ થાતી હતી, તે ઝબાન ફોન પર ચાલવા લાગી. તે બાદ વાયર બગૈરનો અને સ્ક્રીનવાલો ફોન આવો અને તે ફોન એવો તો સ્માર્ટ બનો કે, લોગોની ઝબાન જ બંધ કરી દીધી.

આજે ઝબાનની જગા હાથની આંગલીઓએ લઈ લીધી છે. ઝબાન ખામોશ રહે છે પણ સ્માર્ટ ફોન પર આંગલીઓની ઝબાન ઝિયાદહ ચાલે છે. બોલવાનો આવાઝ ઓછો પણ બટન દબાવવાનો આવાઝ વધારે આવે છે. દિન-બ-દિન ફોનના ઝરીએ મેસેજિંગ અને ફહેશ-વાતચીતના સબબ અદબ, અખ્લાક અને શરમ મિટતી જાય છે. રૂબરૂ ના હોવાના સબબ લેહાઝ અને શરમના પડદા ચીરાતા જાય છે. આ માહૌલમાં મુમેનીન પર વાજિબ છે કે, પોતાની ઝબાન સાથે પોતાના હાથો પર પોતાના જઝબાત પર, પોતાના ખયાલાત પર, પોતાના તઅલ્લુકાત પર કબ્ઝો-કાબૂ રાખે. ફક્ત ઝબાનની ખામોશીથી કામ નહીં ચાલે. મગર ખુદને એ મુજબ ટ્રેઈન કરે, મોઅદ્દેબાના સુલૂક કરે કે ફોન હોય યા રૂબરૂ કોઈના સાથેની ગુફ્તગૂ હોય, સોચી-વિચારીને પોતાની ઝબાન અને હાથનો ઈસ્તેમાલ કરે. આજે એમ કહી શકાય કે, હાથ અને મોબાઈલ સલામત તો જગ સલામત."

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"જે શખ્સ એમ ચાહે કે, તે હર શર-નાપાકીથી મહેફૂઝ રહે, તો તેને પેટના ફૂલવાથી, ઝબાનની લાપરવાહટથી અને શરમગાહની હરામકારી અને ઝિનાથી બચવું જોઈએ."** ગૈર-ઝરૂરી અને ગૈર-તરીકાથી જમવું પેટમાં શર પૈદા કરે છે અને તેનાથી પેટ ફુલે છે. ગૈર-ઝરૂરી બોલવાથી ઝબાનમાં શર દાખિલ થાય છે અને તે કડવી બને છે. ગૈર-જાઈઝ રિશ્તા બાંધવાથી શરમનો ખાતેમો થાય છે અને ઘરમાં શર પૈદા થાય છે. આ ત્રણે ચીઝોથી કોઈ બચે તો તે બંદાનું ખૈર સલામત રહે છે.✪

**દરખ્ત પણ એક જાન છે કે જેના સબબ હઝારો જાન રોઝી પામે છે.**

(પેજ નં. ૬ નું બાકી)

સાદગીનો ઈઝહાર, ઈલ્મી ગુફ્તાર, બીજા તમામ શિરકત કરનાર દરમિયાન ઉભરીને ઝાહિર થાતી હતી. ખુદાતઆલાની હક્કની દાઅવતનો આ કરિશ્મો છે. આ તરહના મૌકાઓ પર દુનિયાના મુખ્તલિફ મઝહબોના રઈસો, જાનકારો અને અદબી શખ્સીયતો સાથે **સાહેબે દાઅવતનો મુઝાકેરો, મુકાલેમો, ગુફતગૂ, બહેસ-મુબાહેસો, તારીખ અને અકીદાની રોશનીમાં દલાઈલો બુરહાન** થાવાના સબબ, અપના મૌકિફ-સ્ટેન્ડ, જે મઝહબે ઈસ્લામના લોગો આજે અલગ-અલગ મુલ્કોમાં બરદાશ્ત કરી રહ્યા છે અને તે અહમ સવાલો વાસ્તે, અપના દીને અહલુલ બૈતના સહારાથી કયા કયા સંગીન અને મઝબૂત હલ નિકાલી સકાય, તેને હવે મન્ઝરે આમ પર મુકવું, સમઝાવવું અને નશર કરવું આસાન થઈ ગયુંચ.

આજે અપની જમાઅતની શાન એ મુજબ બાલાતર છે કે, સાહેબે દાઅવતની મુખ્તલિફ ઝબાનોમાં મહારત હોવાના સબબ, જિમકે અરબી, ફારસી, અંગ્રેઝી, ગુજરાતી, ઉર્દૂ અને હિન્દી, આ તરહના ઈલ્મી, સિયાસી, અદબી અને કલ્ચરલ સેમિનાર-કોન્ફરન્સમાં અરબી, ફારસી અને અંગ્રેઝીમાં પેપર્સ-મકાલા પઢી શકે છે. સાહેબે દાઅવતની આ તદબીરના સબબ આજે ઈલ્મી આસમાન પર અલવી જમાઅતનું નામે મુબારક કલમે નૂરાનીથી હુરૂફે ઝહબીથી લખવામાં આવી રહ્યું છે. આ તમામ ચીઝોને શિકલે ઝીનતદાર બનાવવામાં અપની જમાઅતની વેબસાઈટ **www.alavibohra.org** અને અપની જમાઅતનું મોબાઈલ એપ્લીકેશન **Ahl uz Zikr** એ મરકઝી કિરદાર અદા કીધો છે.

આ બે કોન્ફરન્સમાં જે વક્ત પેપર્સ પઢવામાં આવા અને અલાહેદા-અલાહેદા મૌઝૂઅ પર રોશની નાખવામાં આવી, એ સાથે કે અપની જમાઅત કઈ છે, અપને કહાઁથી આવા છે, અપની બુનિયાદ શું છે, અપને બોહરા હોવાના નાતે અપની પહેચાન બીજા કરતા કેમ અલગ છે, અપની કિતાબો-લિટરેચર કઈ તરહ આઅલા છે, તો જે સાહેબો આ તરહના અખ્બાર અને માઅલૂમાતથી નાવાકિફ હતા તે તમામને અપની હકીકત જાનવાની અને તેની તેહ તક ઉતરવાની ઉમ્મીદ જાગી અને આ મુજબ નવા ઈલ્મી રિશ્તા અને તઅલ્લુકાત કાઈમ થયા. આજે દાઅવતે શરીફહના મરકઝ પર ઈલ્મના તલબગારો અને રિસર્ચ સ્કોલર્સ ચાહીને પધારેચ અને અપની ઈન્ફેરાદીયત, અહલીયત અને નસ્સની હક્કાનીયતને લીધે તમામને તેની તલબ મુજબ સાહેબે દાઅવતથી ઈલ્મ મિલી જાઈચ. જે ઈલ્મી દૌલત અને પાકીઝગીનો ખઝાનો અપના અઈમ્મત અને દોઆતે અપને આપેલો છે તે કીમતીમાં કીમતી અપની વિરાસત છે. આ વિરાસતથી હક્કદારને તેનો હક્ક મિલે તે વાસ્તે આકા મૌલા સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) હર વક્ત સેંકડો આલિમો સાથે ગુફતગૂ કરતા રહેચ.

ખુદાતઆલાની બારગાહમાં અપને દોઆ કરીએ કે, આ દીને હક્કની રોશની અને આબો તાબ દાઈએ હક્કના ઝરીએ બેનૂર અને લાઈલ્મ દિલોને અતા થાતી રહે અને અલવી મુમેનીન દાઈએ હક્કની મોહબ્બતથી ફૈઝયાબ થાતા રહે.

**ઈન્નલ ઈલ્મા લિલ્લાહે જમીઆ.** ☆

---

## દાઅવતની ઝબાન

**ઈલ્મ સે અફઝલ-તરીં કુરઆન કા ઈલ્મ,**
**ઈલ્મ હે ઈસ્લામ કા ઈમાન કા ઈલ્મ,**
**મુમિનોં કી મુમેનીં સે અર્ઝ હે,**
**ઈલ્મ હાસિલ કરના હમ પર ફર્ઝ હે,**
**મુમિનોં તુમ સીખો દાઅવત કી ઝબાં,**
**તુમસે હો જાયેંગે ખુશ દાઈઝ્ઝમાં.** ☆

**ઝાડ રોપવું ખુદાતઆલાના પસંદીદહ અમલો માંથી એક અમલ છે.**

## Shining Star



1. **Sister Masarrat Mehboobbhai Surti**, studying in Faculty of Commerce, MS University, Vadodara, has topped in **M Com (final)** in Accounting and Financial Management in the exams held on April 2017. She has secured 80.18 % marks and has got the distinction of achieving Chancellor's Gold Medal on the hands of the President of India, Honorable Ram Nath Kovind. She expresses her gratitude for her success to her parents, faculty members and well wishers. She says, "It feels good to receive the Medals but more important is to see happiness and pride for me on my family and near ones' faces."



2. **Brother Abbasali Hamiduddin Bhaisaheb**, has achieved a great feat by clearing **CA (final)** in November 2017 from Vadodara. Among the successful candidate he was the only Muslim student to clear this highly sought-after and most difficult exam. He intends to help CA, CWA, CS students by coaching them in subjects like Taxation and Audit with the motto of "Direction is more important than speed".



3. **Sister Alefiyah Shamsuddin Lokhandwala**, studying in MS University, Vadodara and doing her "**Interior Designing**" from the Faculty of Family and Community Sciences, has submitted her thesis on Sustainable Interiors in April 2017. Her research paper titled "Indoor Environment Quality: A crucial aspect in designing Sustainable Interiors" got published in the International journal of Interior Designing. Similarly she did the poster presentation on the same topic at National conference at Navarachna University, of which the synopsis has also got published in the ISBN number approved University book. This is truly a great success and a pure result of hard work and determination. ✯

## ઝરૂરી એલાન

હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની તાઈદ અને હિદાયતથી છેલ્લા ૧૫ સાલથી મિશ્કાતુલ હાદી જમાઅતના મુમેનીનની અદબી-ઈલ્મી ખિદમત કરી રહ્યું છે. હર તરહના અપના કૌમી અખ્બાર, અકીદા અને રસ્મો રિવાજ પર રોશની નાંખી રહ્યું છે અને બિદઅતોને મિટાવવા તરફ મુમેનીનની તવજ્જોહ કરાવી રહ્યું છે. આ ઈલ્મી ખિદમત જારી-સારી રહે તે વાસ્તે હર મુમિન પર વાજિબ છે કે, કોઈના કોઈ ઝરીઆથી આ ખિદમતમાં પોતાને શરીક કરે.

લેહાઝા, શહરૂલ્લાહમાં યા બીજા મૌકા પર વાજેબાત વાસ્તે દેવડી મુબારક પર મુમેનીન પધારે તો હરએક ઘરને હવેથી ૧૦૦ રૂપિયા લવાઝમ લાઝિમી તૌરથી આપવાના રહેશે. જો કોઈ ઘરમાં આ અખ્બાતને વાંચનાર ન હોય તો પણ ઈલ્મી ખિદમતના તૌર પર લવાઝમ આપવાનું રહેશે. એવું પણ બને છે કે, કોઈ સબબથી પ્રિન્ટેડ કોપી કોઈ જગા પર પહોંચી શકતી નથી યા પોસ્ટમાં કોઈ તકલીફ નડે છે, તો તે મુમેનીનને જોઈએ કે પોતાના ઘરના કોઈ એક મેમ્બરનો ઈમેલ દાઅવતે શરીફહની ઓફીસ પર દરજ કરાવી દે. જેથી વક્તસર ઈમેલના ઝરીએ તેની તરફ અખ્બારની સોફ્ટ કોપી પહોંચી શકે અને તેનું પ્રિંટઆઉટ કાઢીને ઘરના તમામ અફરાદ અખ્બારને પઢી શકે.

પ્રિન્ટેડ કોપી સાથે હવે ઈમેલના ઝરીઆથી પણ મિશ્કાતુલ હાદીની સોફ્ટ કોપી પહોંચાડવામાં આવે છે. હર તરહના દીની અખ્બારથી મુમેનીન આગાહ રહે તે વાસ્તે અપની વેબસાઈટ પર પણ આ અખ્બાર ના ગુઝિશ્તા અંકો અને હાલનો અંક મુકવામાં આવે છે. મુમેનીન આ તમામ ઈલ્મી ખિદમતોથી નફસાની ફાયદો લે એમ ઉમ્મીદે દીલી છે. ✯

**તમેં તરહ-તરહની ચીઝોથી ઘરને ઝીનત આપો છો તો ઘરને બાહર દરખ્ત વાવીને ઝીનત આપો.**

(પેજ નં. ૨ નું બાકી)

૬) ફક્ત એક ગિન્તીની મુદ્દત વાસ્તે હમેં તાખીર કરીએ છીએ. જે વક્ત તે દિન આવશે અને મુદ્દત પૂરી થાશે તો કોઈપણ જાન હુકમે ખુદા બગૈર વાત નહીં કરે. તે લોગો માંથી કેટલાક બદબખ્ત હશે અને કેટલાક નૈકબખ્ત હશે - સૂરતે હૂદ.

૭) રસૂલો ફરમાવે છે કે, શું ખુદાતઆલાના મુતઅલ્લિક તમને કોઈ શક છે? તે ખુદા તો આસમાનો અને ઝમીનને તેની ઈબ્તેદાથી પૈદા કરનાર છે. તે તમને બોલાવે છે જેથી તમારા ગુનાહોંને બખ્શી દે, માફ કરી દે. જો તમેં તેના ઈઝનને કુબૂલ ના કરો અને તમારા ગુનાહોં ના બખ્શાય તો ખુદા તમને એક મુકર્રર મુદ્દત તક મોહલત આપે છે. તેઓ (લોગો) બોલા કે, **અય રસૂલો! તમેં તો હમારા જેવા જ આદમી છો.** તમારા અને હમારામાં શું ફરક છે? તમેં એમ ચાહો છો કે, હમારા બાવા-દાદાઓ જે ચીઝની ઈબાદત કરતા હતા, જે ખુદાઓની બુતપરસ્તી કરતા હતા તેનાથી હમને રોકી દો. હમેં તમારૂં તે વક્ત માનીએ કે, તમેં હમને કોઈ ખુલ્લી સનદ અને સાફ નિશાની બતાવો. તે લોગોને રસૂલોએ જવાબમાં ફરમાવું કે, હમેં તો ફક્ત એક બશર-ઈન્સાન છે તમારા જેવા. પણ ખુદા જેના વાસ્તે ચાહે તેના ઉપર રિસાલત અને હક્ક પહોંચાવવાનું એહસાન કરે છે, જે તેના મુખ્લિસ નૈક બંદાઓ માંથી હોય. તમેં જાણી લો કે, હમને હક્ક નથી કે, હમેં તમને કોઈ સનદ, સુલતાન કે નિશાની લાવી આપીએ મગર ખુદાતઆલાની ઈજાઝત હોય તો. મુમેનીન પર વાજિબ છે કે, પોતાના ખુદા પર જ ભરોસો કરવો જોઈએ - સૂરતે ઈબ્રાહીમ.

૮) તમેં શું નથી જોતા કે, ખુદાતઆલાએ જ તમારા વાસ્તે તે ચીઝને બસમાં કીધી, કાબૂમાં લીધી, પોતાના ઈખ્તિયારમાં લીધી કે જે ઝમીનમાં છે અને કિશ્તીને પણ મુસખ્ખર કીધી, તે એ તરહથી કે આ કિશ્તી દરીયામાં ખુદાના હુકમો ઈઝનથી ચાલે છે. જે રાહ તેને બતાવવામાં આવી છે તેનાથી એક ઝર્રા બરાબર પણ આમતેમ થાતી નથી. **ખુદાની દાઅવત સાથે આ કિશ્તી સાહિલે નજાત પર પહોંચે છે.** આ સાથે તે આસમાનને ઝમીન પર પડવાથી રોકે છે. મગર ખુદાનો અમર થાય તો તે પણ થઈ શકે છે. બેશક! ખુદાતઆલા લોગો પર મહેરબાન છે, રહીમ છે. તમારો રબ એ જ તો છે કે, જેએ તમને ઝિંદા કીધા અને તે બાદ તમને મારી નાખશે અને તે બાદ પાછા તમને ઝિંદા કરશે. આ જ તરહ ઝિંદગી અને મૌતનો ચક્કર ચાલા કરશે. ઝરૂર, ઈન્સાન કુફ્ર કરનાર છે - સૂરતુલ હજ્જ.

૯) ઝરૂર તે ખુદાતઆલા ઈલ્મવાલો છે અને કુદરતવાલો છે. કોઈ પણ ઈન્સાનને હક્ક નથી કે તેને એમ ઉમ્મીદ રાખવી જોઈએ કે, ખુદા તેના સાથે કલામ કરે, ગુફતગૂ કરે, મગર આ ચીજ મુમ્કિન છે ફક્ત તેના વહ્યના ઝરીઆથી યા ગૈબના પડદા પાછલથી યા કોઈ રસૂલને મોકલે પછી આ રસૂલ ખુદાતઆલાના હુકમો ઈઝનથી જેને ચાહે તેને વહ્યનો પૈગામ પહોંચાવે. ખુદાતઆલા તો બલંદ છે, હિકમતવાલો છે. આ જ મુજબ હમેં આપની તરફ અય રસૂલ, રૂહને ઉતારી હમારા હુકમથી એ હાલતમાં કે, આપ ન્હોતા જાણતા કે કિતાબ શું છે અને ઈમાન કોને કહેવાય? - સૂરતુશ્શૂરા.

૧૦) અય તે લોગો કે જે ઈમાન લાવા, જે વક્ત તમેં કોઈ ખૂફીયહ વાત કરો, રાઝની વાત કરો તો તમેં ખયાલ રાખો કે, તેમાં કોઈ ગુનાહ છુપેલો ના હોય, ખુદાની કોઈ નાફરમાની ના હોય અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની બેઈઝઝતી ના હોય, એવી વાત કરો. તમે એવી ખૂફયિહ વાતને પસંદ કરો કે, જેમાં ભલાઈ હોય અને ખુદાનો ડર હોય. હર વક્ત તમેં તે ખુદાથી ડરતા રહો કે જેની તરફ તમેં ભેગા કરવામાં આવશો. **એવી કાનાફૂસી કે જેમાં ખુદા અને ખુદાના રસૂલની બદગોઈ હોય તે શયતાન તરફથી છે.** આમ કરવું મુમિનને ગમગીન કરે છે. પણ જે મુમેનીન ખુદાતઆલા ઉપર ભરોસો રાખશે અને તેના હુકમો ઈઝન મુજબ કામ કરશે તો તેઓને કોઈ કઈ પણ તરહનું નુકસાન નહીં કરી શકે - સૂરતુલ મુજાદેલહ.

૧૧) જે શખ્સ ખુદાને માને અને નૈક અમલ કરે, તો તે ખુદા તેની બુરાઈઓને માંજી નાંખે છે અને તેને એવી જન્નતોંમાં દાખિલ કરે છે કે, તેના નીચેથી નહેરો વહે છે અને તે શખ્સ હમેશા-હમેશા તે જન્નતોંમાં રહેશે. તે મોટી જીત છે, અઝીમ કામિયાબી છે. હવે જેઓએ હમારા ફરમાનનો ઈન્કાર કીધો, કુફ્ર કીધો અને હમારી આયતોને ઝુઠલાવી, એ સઘલા આગવાલાઓ છે, તેમાં હમેશા રહેશે અને તે બુરી જગા છે. કોઈ પણ મુસીબત પહોંચે છે તો ખુદાના હુકમથી. આ હાલતમાં જે શખ્સ ખુદાતઆલા પર ઈમાન લાવે તો તે ખુદા તેના દિલને રાહ બતાવે અને ખુદા તો હર ચીઝને ખૂબ જાણે છે - સૂરતુત્તગાબુન. ✯

**ઝમીનના નીચે છુપેલી ફાયદામંદ ચીઝો તમને દરખ્તના ઝરીએ મિલે છે.**

## મદહે મૌ. ફાતેમતુઝઝહેરા (અ.સ.)

ઉમ્મે અબીહા ફાતેમા શેહઝાદીએ રસૂલ,
પાકીઝા મજલિસો મેં ખિલે મન્કેબત કે ફૂલ.
સદ ઈશ્તિયાકે ખુલ્દ પહોંચતી હે ઉસ જગા,
હોતી હે જિસ જગા બ-ખુદા મિદહતે બતૂલ.
તખ્લીકે ફાતેમા હુઈ તુફ્ફાહે ખુલ્દ સે,
તોહફા ખુદા કા લાયે થે મેઅરાજ સે રસૂલ.
ખૈરૂલ બશર સે આપકા અકદુન્નિકાહ હુવા,
દામાદીએ રસૂલ અલી કો હુઈ કુબૂલ.
શીઓંને મુરતઝાકી શફાઅત કી મહેર લી,
યે ફાતેમા કી મહેરો-મોહબ્બત કા હે હુસૂલ.
ખાતૂને ખુલ્દ સૈયેદહ ખૈરૂન્નિસા પે ખલ્ક,
શશદર હે શશજેહાત તો હૈરત મેં હૈં ઊકૂલ.
જન્નત કે નૌજવાનોં કી સરદાર કી હે માઁ,
પ્યારી ખુદા કી, ઝૌજહ અલી કી, દિલે રસૂલ.
મઅ્સૂમહ ફાતેમા હે શબે કદ્ર કી જનાબ,
જિસ રાત મેં ફરિશ્તો કા તા-ફજ્ર સે નુઝૂલ.
છીના ફિદક, લગાયે તમાચે ગિરાયા દર,
લાઅનત ગિરી વો ઝાલિમોં પે ઔર મૂઁહ પે ધૂલ.
બૈતુલ હઝન મેં રોતી રહી રાત-રાત ભર,
બાઅદે રસૂલ ઉમ્મતે બદ સે થી દિલ મલૂમ.
દૌઝખ કી આંચ આએ ના શીઓ પે ઈસ લિયે,
કરતી થી જમ્અ શીશે મેં અશ્કે ગમે રસૂલ.
શબ મેં જનાઝા જિસકા ઉઠા વા-મુસીબતા,
પરદાનશીન બીબી કો સમઝે નહીં જુહૂલ.
પોશીદા શાને ઝહરા હે ગૈરોં સે જિસ તરહ,
મખ્ફી રહેગા યું હી સદા મશહદે બતૂલ.
હે ફાતેમી ઈમામ કે દાઈ ભી ફાતેમી,
ઝિંદા રહેંગે હશ્ર તલક ફાતેમી ઊસૂલ.
કરતા હું દોઆ ઔર મુનાજાત રાત-દિન,
યા રબ હો ઉમ્ર ફાતેમી દાઈઝ્ઝમાઁ કી તૂલ.
દિલ મેં હમારે હર ઘડી હર પલ હે યે ખ્વાહિશ,
હમ સબ કો હો નસીબ ખુદા ઝિયારતે બતૂલ. ✯


## તિજારત

**Unique Collection**

We at Unique collection carry out the following works.

- Interior works
  - False ceiling of POP and Gypsum
  - 3D Stretched Ceiling (Based on themes and lighting)
  - 3D Flooring (Theme flooring)
- Renovation Work
  - Civil Work
  - Electrical Works
  - Furniture work

3D ceiling and flooring will be best suited for office and show rooms. Please feel free to call me for any of these works or queries.
All the above works are carried out at competitive price.

**Contact :**
**Mohammed Husain Umallawala**
Umallawala Building, Badri Mohalla, Wadi, Vadodara.
**M.: +91 9998769628 / +91 9375709551** ✯

**યા અલી મદદ**
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

**સ્ટાર લાઈટ ટ્રેડર્સ**
**અમારે ત્યાં દરેક પ્રકારની ડીસ્પોઝેબલ આઇટમો, બર્થડે ડેકોરેશન, સ્ટેશનરી, એલ્યુમીનીયમ ફોઇલ, એલ્યુમીનીયમ તથા પ્લાસ્ટીક કન્ટેનર, દોરા, પ્લાસ્ટીક સુતળી, કેરી બેગ્સ, PP થેલીઓ દરેક સાઇઝમાં વ્યાજબી ભાવે છુટક તથા હોલસેલમાં મળશે.**
દુકાન નં. ૨, માતૃછાયા બિલ્ડીંગ, બરાનપુરા રોડ, ચોખંડી ચાર રસ્તા, વડોદરા.
**હુસેનીભાઇ કિલીપવાલા - મો.: ૯૯૦૪૧૭૪૫૮૫**

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઇશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬**


**દરખ્તોમાં તમામ કરતા અફઝલ ખજૂરીનું દરખ્ત છે.**

## નઝર આઈ જબ શાહઝાદી કી તુરબત

હમેં લાઈ મક્કા–મદીને મેં કિસ્મત,
બરસ્તી જહાઁ પર હે અલ્લાહ કી રહેમત.
યહાઁ પર હે અલ્લાહ યહાઁ પર મોહંમદ,
યે દોનો જગા કી અજબ હે ફઝીલત.
મકામે મોહંમદ તો દેખો કે જિનકી,
નુબૂવત કી દી કંકરોં ને શહાદત.
શરફ દેખો કાઅબે કા અય મુમિનીં તુમ,
હુઈ જિસ મેં મૌલા અલી કી વિલાદત.
અજબ હાલ દેખા મદીને મેં હમને,
બકીઅ મેં ગયે જબ હમ બહેરે ઝિયારત.
ધડકતા થા દિલ ઔર જારી થે આંસૂ,
નઝર આઈ જબ શાહઝાદી કી તુરબત.
બકીઅ મેં થે કુછ પત્થરોં કે નિશાં,
ઉસી જા પે થી કબરે ખાતૂને જન્નત.
ખુદાયા થી ક્યા શાન બિન્તે નબી કી,
ન જાની લઈનોં ને બીબી કી હુરમત.
હયાતી મેં ભી ઔર બાદે મમાત,
યે કૈસી હે આલે નબી સે અદાવત.
ઝમીંદોસ કર દી કુબૂરે અઈમ્મત,
અદૂ થે વો સબ અહલે બૈતે નુબૂવત.
પઢા દૂર સે હમને ઉન પર સલામ,
ન થી હમકો જાને કી વહાઁ પર ઈજાઝત.
મોહંમદ ઔર આલે મોહંમદ પે હર દમ,
પઢા કર તું યા રબ સલામો તહીયત. ✯

✳✳✳✳✳✳✳✳✳✳✳✳✳✳✳

## અશ્આરે અન્વર

→ **મોહબ્બત :**
ઝબાને દિલ સે કહી બાત અસર રખતી હે,
ભરા હો દિલ જો મોહબ્બત સે મઝા આ જાએ.

→ **બાત :**
બાત યે હે કે બહુત બાતેં હોવા કરતી હૈં,
બાત બિગડી કો બના દો તો બાત બન જાએ.

→ **ઝિંદગી :**
ક્યૂં મૌત પે રોતેં હૈં યહાઁ લોગ અકસર,
ઝર્મી ને તુમકો સંભાલા હૈં ઝિંદગી કે લીએ.

→ **ગુમ્રાહ :**
રેહ ગયે ગુમ્રાહ રાહે હક્ક કહાઁ મિલ પાએગી,
રાહનુમા જબ હો અલી, ગુમ્રાહ ખુદ ગુમ હો ગએ.

→ **બુઝદિલ :**
શૈર દિલ બનકે ગએ થે શીર પીને કે લીએ,
અય મગર બુઝદિલ કભી કયા શૈર ભી પીતા હે શીર.

→ **દિલે મુમિન :**
આસમાઁ તુંને છિપાએ હૈં ખઝાને કિતને,
દિલે ઈમાઁ મેં ખઝાનેં હૈં આસમાન ભી હૈં. ✯

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન–રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.